વનવિભાગે કરેલા ફેન્સિંગની જગ્યા ડમ્પીંગ સાઈટ બનતી જાય છે

ફેન્સીંગના કારણે સાફ સફાઈ થતી નથી : વસાહતીઓ આ વિસ્તારમાં કચરો નાંખી ગંદકી વધારી રહ્યા છે

ગાંધીનગર, તા.૪

ગાંધીનગરના મુખ્ય માર્ગોની આસપાસ આવેલી જમીનમાં દર ચોમાસે વૃક્ષો ઉછેરી તેની આસપાસ

ફેન્સિંગ કરવામાં આવ્યું છે. આ ફેન્સીંગ કરેલી જગ્યા હવે ડમ્પીંગ સાઈટમાં ફેરવાતી જાય છે. અહીં ઉગેલા ઘાસને સાફ ન કરાતા તથા તેમાં સાફસફાઈ ન થતા આ વિસ્તારમાં ખુબ ગંદકી ફેલાઈ છે.

મુખ્ય માર્ગોની આસપાસ આવેલી વનવિભાગની જમીનમાં અસામાજિક તત્વો દબાણ ન કરે તથા અહીં વૃક્ષોને સારી રીતે ઉછેરી શકાય તે માટે માર્ગની બંને તરફ ફેન્સિંગ કરવામાં આવ્યું છે. ખાસ કરીને ઘ,ચ અને જ રોડની બંને તરફ ફેન્સીંગ કરવામાં આવી છે. હવે થયું એવું છે કે આ ફેન્સીંગના કારણે અહીં કચરો ભરાઈ રહે છે. ફેન્સીંગ હોવાથી સફાઈ કર્મચારીઓ પણ તેમાં સફાઈ કરતા નથી. ફેન્સીંગ કરેલી જમીનમાં વરસાદ બાદ ઘાસ પણ ખુબ ઉંચુ ઉગી ગયું છે. આથી અહીં મચ્છરો અને અન્ય જીવજંતુઓનો ઉપદ્રવ ખુબ વધી ગયો છે. વળી કેટલાક સેકટરમાં તો વસાહતીઓ ફેન્સીંગ કરેલી જગ્યામાં જ કચરો અને એંઠવાડ નાંખે છે જેના કારણે ગંદકીમાં વધારો થાય છે. શહેરના મુખ્ય માર્ગોની આસપાસ જ આવી ગંદકી દેખાતા પાટનગરની શોભામાં કમી આવે છે. આવનાર મુલાકાતીઓના મનમાં શહેરની છબી ગંદા અને અસ્વચ્છ શહેર તરીકેની અંકાઈ જાય છે. ઉમદા હેતુ માટે કરવામાં આવેલ ફેન્સીંગનો અર્થ સરતો નથી.

વનવિભાગ જો થોડા પ્રયત્નો કરે તો આ જગ્યાને સુંદર બનાવી શકાય છે. વસાહતીઓને અહીં કચરો અને એંઠવાડ નાંખતા અટકાવવા જોઈએ અને ઠેર ઠેર

(તસવીર : દિપક જાની)

જનજાગૃતિ માટેના પોસ્ટરો, બેનરો લગાવવા જોઈએ જેથી વસાહતીઓ અહીં ગંદકી કરતા અટકી જાય. વૃક્ષો ઉછેરવામાં આવ્યા છે તેની આસપાસ લેન્ડ સ્કેપીંગ કરવામાં આવે તો શહેરની સુંદરતામાં ચાર ચાંદ લગાવી શકાય. વળી ગંદકી પણ ન થાય. અહીં નિયમિત સાફ સફાઈ થાય તેનું ધ્યાન પણ તંત્ર દ્વારા રાખવામાં આવે તો શહેરના મુખ્ય માર્ગોની શોભામાં ખુબ અભિવૃધ્ધિ કરી શકાય.

સરકારી આવાસોનો બોજ હળવો કરવા પાણીની ટાંકી તોડવાની કામગીરી આરંભાઈ

બિનઉપયોગી અને ખુલ્લી ટાંકીઓ મચ્છરોનું ઉદ્‌ભવસ્થાન બની હતી

ગાંધીનગર, તા. ૪

શહેરના સરકારી આવાસો તદ્દન કંગાળ હાલતમાં છે. એક તરફ આવાસોને મરણ પથારીએથી બેઠા કરવા મરામતની કામગીરી હાથ ધરવામાં આવી છે. બીજી તરફ આવાસોના ધાબે સ્થિત બિનઉપયોગી પાણીની ટાંકી તોડી પાડવા અભિયાન હાથ ધરાયું છે. મચ્છર ઉત્પત્તિનું કેન્દ્ર બનતી પાણીની ટાંકી આવાસો પર ભારણરૂપ થતા હવે ટાંકી તોડવા તંત્રની ટીમ કામે લાગી છે.

શહેરમાં સ્થિત ૧૬ હજાર જેટલા સરકારી આવાસો પૈકી ૪૦ ટકા મકાનોને રીનોવેશન હેઠળ આવરી લેવાયા છે. જ્યારે બાકી રહેતા મકાનોની સ્થિતિમાં સુધાર લાવવા તંત્ર દ્વારા તબક્કાવાર આવાસોનું મજબુતીકરણ હાથ ધરવામાં આવે છે એકબાજુ નિકાલ હેઠળના ભયજનક બ્લોકો તોડી પાડવા પણ ટુંકમાં કામ હાથ ધરવામાં આવનાર છે. જ્યારે આવાસોની છતમાંથી પણ પોપડા પડતા હોવાથી મોટો ભાગના મકાનો રહેણાંકની દૃષ્ટિએ સલામત ન હોવાનું ચિત્ર ઉપસી આવ્યું છે. આવા સંજોગોમાં સરકારી મકાનોના ધાબે સ્થિત પાણીની ટાંકી પણ છેલ્લા ઘણાં વર્ષોથી બિનઉપયોગી હોવાનું સ્પષ્ટ થયું છે. જ્યારે આવાસોની પાણીની ટાંકીમાં વરસાદી પાણીનો ભરાવો થતા મચ્છર ઉત્પત્તિ સ્થાનો ઉદ્‌ભવતા હોવાનું પણ ધ્યાને આવ્યું હતું. ખુલ્લી અને બિનઉપયોગી ટાંકીઓ મચ્છરોનું ઉદ્‌ભવ સ્થાન બનવાની સાથે આવાસો માટે પણ બોજારૂપ બની હોવાનું સ્પષ્ટ થતા તંત્ર દ્વારા આ ટાંકીઓ તોડી પાડવાનો નિર્ણય લેવાયો હતો. ટાંકીમાં ઉપર સુધી પાણી ન પહોંચતું હોવાથી આમ પણ બિનઉપયોગી ટાંકીઓનો હેતુ સરતો ન હતો. આ મામલે પાટનગર યોજના વિભાગ દ્વારા તબક્કાવાર વિવિધ કક્ષાના આવાસોની ટાંકી તોડવાની કામગીરી શરૂ કરી દેવાઈ છે. 'જ' કક્ષાના ઘણાખરા આવાસોની ટાંકી તોડી પાડવામાં આવી છે.

ફાયર કર્મીઓના આવાસો રીનોવેશન બાદ હજુ કંગાળ હાલતમાં..!!

સે. ૧૭ના આવાસોના રીનોવેશન દરમિયાન ગુણવત્તા અને પૂર્ણતા ન જળવાતા રહીશો ત્રાહીમામ

ગાંધીનગર, તા. ૪

ફાયરબ્રિગેડના કર્મચારીઓને ફાળવવામાં આવેલ આવાસો તંત્રની ભ્રષ્ટનીતિનો ભોગ બન્યા છે. સે. ૧૭ સ્થિત આ ત્રણ સરકારી બ્લોકના આવાસોની રીનોવેશન કામગીરીમાં

ગુણવત્તા અને પૂર્ણતા ન જળવાતા મકાનોને પાણી લીકેજીસ સહીતની અનેક સમસ્યાઓ ભરખી જતા રહીશો તોબા પોકારી ગયા છે. રીનોવેશનની કામગીરી બાદ મૂળ સ્થિતિ કરતા પણ બદતર હાલત સર્જાયા હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે.

શહેરમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસોનું તબક્કાવાર મજબુતીકરણ હાથ ધરવામાં આવે છે. આવાસોના મજબૂતીકરણ માટે વિભાગકક્ષાએથી કરોડો રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે. સેક્ટરોમાં કંગાળ ભાસતા આવાસોને મરણ પથારીએથી બેઠા કરવા તબક્કાવાર નાણાની જોગવાઈ કરવામાં આવે છે. પરંતુ આવાસોની મરામત કે રીનોવેશન કામગીરીમાં ગુણવત્તા અને પૂર્ણતા ન જળવાતા કર્મચારીઓને માથે સલામત છત પૂરી પાડવાનો હેતુ શરતો નથી. આવાસોના રીનોવેશનની કામગીરીને પણ ભ્રષ્ટાચાર ભરખી ગયો હોવાનું ચિત્ર ઉપસી આવ્યું છે. સે. ૧૭માં ફાયરબ્રિગેડના કર્મચારીઓના આવાસોનું રીનોવેશન થયા બાદ મોટો શિરદર્દ ઉભો થયો છે. સે. ૧૭ સ્થિત બી અને ડી ટાઈપના બ્લોક નં. ૨૬૬ થી ૨૬૯ ના મકાનોનું રીનોવેશનની કામગીરીને હજુ બે મહીના થયા છે ત્યાં જ રીનોવેશન દરમિયાન ફીટ કરાયેલી ટાઈલ્સ ખરવા માંડી છે. મકાનોમાં પાણી લીકેજીસ થતા ઠેર ઠેર ભેજ આવી ગયો છે. જ્યારે જૂની ગટરલાઈન બદલવાના બદલે પણ કલરકામ કરી દેવાયું હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. રસોડામાંથી કબાટ કાઢીને બારી ખડકી દેવાઈ છે. જ્યારે રીનોવેશનની કામગીરી દરમિયાન ઉપયોગમાં લેવાયેલા માલસામાનની ગુણવત્તા સામે પણ પ્રશ્ન મંડરાયો છે. લાખોનો ખર્ચ પાણીમાં જતા કર્મચારીઓએ ડગલે ને પગલે હાલાકી વેઠવી પડે છે.

ખૂણે... ...ખાંચરેથી

- મુકિતધામ ખાતે ૧૦મી ડિસેમ્બરના રોજ રાત્રે ૮ વાગે પૂ. અશ્વિનભાઈ પાઠકના મુખે સુંદરકાંડના પાઠનું આયોજન કરાયું છે.
- સે-૩ના સાંઈ મંદિર ખાતે યોજાયેલ આનંદના ગરબામાં ભકતોને કેરીના રસનો પ્રસાદ પીરસાયો હતો.
- લગ્નસરાની સાથે સાથે ગાંધીનગરમાં ભકિતનો માહોલ પણ જામી રહ્યો છે. સમદર્શન આશ્રમ દ્વારા ૨૧મી ડિસેમ્બરથી પૂજય ગુરૂમા સમાદાનંદજીની વ્યાસપીઠે શ્રીમદ્ ભાગવત સમાહનું આયોજન કરાયું છે.
- વિપક્ષના નેતા શ્રી શંકરસિંહ વાઘેલાની પૌત્રી દિપલબાના લગ્ન નિમિત્તે રાસ ગરબાનું આયોજન કરાયું હતું.
- કેનેડાના બે મંત્રીઓએ આજે ગાંધીનગરના પીડીપીયુ નજીકના સોલાર પાવર પ્લાન્ટની મુલાકાત લીધી હતી.
- ઓસ્ટ્રેલિયાનું એક પ્રતિનિધિ મંડળ આજે રાજયના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીને મળ્યું હતું.

નારાયણ સાંઈ ગુજરાત પોલીસને સોંપાયા

અમદાવાદ,તા.૪

જાતે બની બેઠેલા ગોડમેન આસારામના પુત્ર નારાયણ સાંઈને આજે એક દિવસ માટે ટ્રાન્ઝિટ રિમાન્ડ પર ગુજરાત પોલીસને સોંપી દેવામાં આવ્યો હતો. નારાયણ સાંઈની સામે રેપ કેસના આક્ષેપો થયેલા છે. ગુજરાત પોલીસે માંગ કરી હતી કે નારાયણ સાંઈને સૂરતની અદાલતમાં હાજર કરવામાં આવનાર છે. કારણ કે ત્યાંથી જ તેની સામે ધરપકડ માટે બિનજામીનપાત્ર વોરન્ટ જારી કરાયુ હતુ. નારાયણ સાંઈ ૩૦ વર્ષીય મહિલા દ્વારા કરવામાં આવેલી ફરિયાદ બાદ ફરાર થઈ ગયો હતો. નારાયણ સાંઈની આજે હરિયાણાના કુરુક્ષેત્ર નજીક પીપલી ગામખાતેથી ધરપકડ કરી લેવામાં આવી હતી. દિલ્હી કોર્ટે ૨૪ કલાકની કસ્ટડી ગુજરાત પોલીસને સોંપી હતી.

સુરત પશ્ચિમની પેટા ચૂંટણી સંપન્ન

ગાંધીનગર, તા. ૪

સુરત પશ્ચિમ વિધાનસભા બેઠકની આજે યોજાયેલી પેટા ચૂંટણીમાં શાંતિપૂર્ણ રીતે મતદાન થવા પામ્યું હતું.

સુરત પશ્ચિમ બેઠકના ધારાસભ્ય કિશોર વાંકાવાલાના અવસાનથી આ બેઠક ખાલી પડતા આ બેઠકની આજે પેટા ચૂંટણી યોજાઈ હતી. આ બેઠકની આજે યોજાયેલ મતદાનમાં સવારથી જ મતદાન મથકો પર ધીમે ધીમે મતદારોએ લાઈનો લગાવીને શાંતિપૂર્ણ રીતે મતદાન કર્યું હતું.

આ બેઠક પર આજે યોજાયેલ મતદાન દરમ્યાન મતદાન મથકો પર ત્રણ ઈ.વી.એમ. મશીનો ખોરવાતા ઘોડીવાર માટે મતદાનમાં વિક્ષેપ પડ્યો હતો જો કે ઈ.વી.એમ. મશીન બદલવામાં આવતા પુનઃ મતદાન શરૂ થવા પામ્યું હતું. સુરત પશ્ચિમ બેઠક પર આજે મતદારોએ ઉત્સાહભેર મતદાન કરીને ભાજપ કોંગ્રેસ સહીત કુલ ૧૨ ઉમેદવારોના ભાવી ઈ.વી.એમ.માં સીલ કર્યા હતા.

આપણાં આ નગરમાં રોજ-બ-રોજ કાંઈક કાંઈક એવી ઘટના બનતી રહે જેને કારણે તંત્રની વાસ્તવિકતાનો ચિતાર સામે આવી જ જાય છે. ગઈ કાલે મહાત્મા મંદિર પાસે રોડ પાસે ટાંકીમાંથી પાણી નીકળતા ભારે કુતૂહલ પેદા થયું હતું. જોત જોતામાં રસ્તામાં પાણી ભરાઈ ગયા હતા. સૌ કોઈ વિચારી રહ્યા હતા આ આટલું પાણી આવ્યું કયાંથી! (તસવીર : કશ્યપ નિમાવત)

સફાઈની સેવા પરત કરી સફાઈવેરો બંધ કરો

સે. ૨૮ અને સે. ૨૯ ને સફાઈના મુદ્દે કરાતા અન્યાય સામે કાઉન્સીલર લાલઘૂમ

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર શહેરમાં સફાઈના મુદ્દે નિષ્ફળ ગયેલ તંત્ર સામે આજે કોંગી કાઉન્સીલર હર્ષજીત પંડ્યાએ કમિશ્નરને એક પત્ર પાઠવી સફાઈની સેવા સરકારને પરત કરવા તેમજ સફાઈ વેરો રદ કરવા જણાવી વોર્ડ નં. ૨ ના રહીશોને સફાઈના મુદ્દે થતા અન્યાય સામે આક્રોશ વ્યક્ત કરી જન આંદોલનની ચીમકી ઉચ્ચારી છે.

શ્રી પંડ્યાએ મ્યુનિ. કમિશ્નરને પાઠવેલા પત્રમાં જણાવ્યું છે કે વોર્ડ નં. ૨ ની સફાઈના મુદ્દે વારંવાર આપની સમક્ષ રજુઆતો પછી પણ કોઈ ફળદાયી પરિણામ આવ્યું નથી. આ વોર્ડમાં સમાવિષ્ટ વિસ્તાર સે. ૨૮, સે. ૨૯, ચરેડી અને આદિવાડા ગામમાં સફાઈ કર્મચારીઓ પણ પુરા ફાળવવામાં આવ્યા નથી.

સે. ૨૮માં આ નગરનું પ્રથમ બાલોદ્યાન નિર્માણ પામ્યું હતું પરંતુ સફાઈના મુદ્દે હજુ સુધી કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી.

શ્રી પંડ્યાએ શહેરની સ્વચ્છતા બાબતે સામાન્ય સભા અને સ્ટેન્ડીંગ કમિટીમાં પણ વારંવારની રજુઆતો પછી પણ ઉકેલ ન આવ્યો હોવાથી જનઆંદોલન કરવાની ફરજ પડશે તેવી ચીમકી પણ ઉચ્ચારી છે.

તેમણે જણાવ્યું છે કે આપણી મનપાને થતી આવક માત્ર બચત કરવાનું કામ નથી પણ જનકલ્યાણ માટે વપરાય તે પણ જોવાનું છે. જો આપણે સફાઈની પ્રાથમિક સુવિધા પણ આપી ના શકતા હોઈએ તો સફાઈવેરો તાત્કાલિક અસરથી રદ કરવો જોઈએ. તેમણે સે. ૨૮ અને ૨૯માં જી.ઈ.બી.ના પ્રદૂષણથી ઉભી થતી પરિસ્થિતિ સામે પણ સફાઈની ખાસ કાર્યયોજના તૈયાર કરવામાં આવે તેવી માંગ કરી છે.

ખાતાકીય તપાસોના ઝડપી નિકાલ માટે કાર્યયોજના

ગાંધીનગર, તા. ૪

પ્રાથમિક અને ખાતાકીય તપાસના કેસોના ઝડપી નિકાલ માટે હવે અધિકારીઓની અલગ પેનલ બનાવવા માટેની સક્રિય વિચારણા રાજ્ય સરકારે હાથ ધરી હોવાનું જાણવા મળે છે.

રાજ્ય સરકારના જુદા જુદા વિભાગોમાં આક્ષેપીત અધિકારીઓ કર્મચારીઓ સામે ખાતાકીય અને પ્રાથમિક તપાસના કેસો મોટી સંખ્યામાં પડતર છે. ખાતાકીય અને પ્રાથમિક તપાસના કેસોની તપાસ માટે અધિકારીઓની પેનલો બનાવવામાં આવી છે.

સામાન્ય વહીવટ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ તાજેતરમાં મળેલી એક ઉચ્ચ અધિકારીઓની બેઠકમાં ખાતાકીય તપાસ અને પ્રાથમિક તપાસના કેસોની સમીક્ષા કરવામાં આવી હતી. અગાઉ પ્રાથમિક તપાસના કેસોના નિકાલ માટે સામાન્ય વહીવટ વિભાગ દ્વારા સચિવોની એક સમિતી સમક્ષ કેસની વિગતો રજુ કરીને કેસની ગુણવત્તા આધારે પ્રાથમિક તપાસના કેસોનો નિકાલ કરવામાં આવતો હતો.

એટલું જ નહી આના કારણે આવા કેસોના ઝડપી નિકાલ લાવી શકાતો હતો અને પેનલ પરના અધિકારીઓનું કાર્યભારણ ઓછુ થતું હતું અને સંબંધીત કર્મચારી અધિકારીને પેન્શન સહીતના નાણાંકીય લાભો ઝડપી ચૂકવી શકાતા હતા.

ખાતાકીય પ્રાથમિક તપાસના કેસોના નિકાલમાં થતાં અક્ષમ્ય વિલંબને ટાળવા માટે હાલ સામાન્ય વહીવટ વિભાગ દ્વારા પેનલ પરના અધિકારીઓની નિમણુંક કરવામાં આવે છે તેની સમીક્ષા કરીને વિભાગવાર ખાતાકીય તપાસ પ્રાથમિક તપાસના કેસોના પેનલ પરની અધિકારીઓની સંખ્યામાં વધારો ઘટાડો કરવા અને સામાન્ય જનરલ પ્રકારના ખાતાકીય તપાસ પ્રાથમિક તપાસના કેસોને અલગ રીતે તારવીને આ માટે અલગ અધિકારીઓની પેનલ બનાવવામાં આવે તો કેસોનું પ્રમાણ ઘટાડી શકાય તેમ છે. તેવી સૂચના સંબંધીત વિભાગોને આપવામાં આવી છે.

આ વ્યવસ્થા જો કરવામાં આવે તો પેનલ પરના અધિકારીઓ પાસે પડતર કેસોના ભરાવાના કારણે કેસોના નિકાલમાં થતા અક્ષમ્ય વિલંબને ચોક્કસ ટાળી શકાય તેવું સૂચન પણ આ બેઠકમાં કરવામાં આવ્યું હતું.

આ અંગેની કાર્યવાહી કરીને એક અદ્યતન પ્રેઝન્ટેશન તૈયાર કરીને સરકાર સમક્ષ રજૂ કરવાની સૂચના આપવામાં આવતા સામાન્ય વહીવટ વિભાગ દ્વારા વિભાગો પાસેથી વિગતો એકત્ર કરીને પ્રેઝન્ટેશન તૈયાર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.

જાહેર ખબર

પોલીસ અધિક્ષકની કચેરી, સેક્ટર-૨૭, ગાંધીનગર

સને-૨૦૧૩-૨૦૧૪ના વર્ષ માટે અત્રેની કચેરીના હસ્ત આવેલ પોલીસ સ્ટેશનોમાં ફાળવેલ ગોદરેજ કંપનીના ઝેરોક્ષ મશીન જી.૧૫૦૮ નંગ-૧૧ માટે ઓનસાઈડ રીપેરીંગ/સર્વિસ કરવા તથા ડ્રમ, ડેવલોપર, ડીસી બ્લેડ તથા ટોનર ઈન્ક વિગેરેની ખરીદી માટેનો ઈજારો એક વર્ષના સમયગાળા માટે આપવાનો હોઈ. આ કામગીરી કરવા ઈચ્છા ધરાવતા વેપારીઓએ સેલટેક્ષ/વેટ સાથેનું ભાવપત્રક સીલબંધ કવરમાં તા. ૭/૧૨/૨૦૧૩ના ક.૧૬-૦૦ સુધીમાં અત્રેની કચેરીમાં મળે તે રીતે મોકલી આપવા માટે જાહેર ખબર આપવામાં આવે છે.
(૨) કોરા ટેન્ડર ફોર્મ પોલીસ અધિક્ષકશ્રી ગાંધીનગરની રજીસ્ટ્રી શાખામાંથી રૂ. ૧૦૦/- ટેન્ડર ફોર્મ કીના રોકડા ચુકવી કચેરી સમય દરમિયાન તા. ૫/૧૨/૨૦૧૩ના ક. ૧૪-૦૦ સુધીમાં મેળવી શકાશે.
(૩) ટેન્ડર સાથે ટેન્ડર ભરનારે રૂ. ૨૦૦૦૦/- ઈ.એમ.ડી.ના પોલીસ અધિક્ષક ગાંધીનગરના નામનો ડીમાન્ડ ડ્રાફ્ટ રજૂ કરવાનો રહેશે.
(૪) ટેન્ડર પોલીસ અધિક્ષકશ્રી ગાંધીનગરની કચેરીમાં તા. ૧૦/૧૨/૨૦૧૩ના ક. ૧૬-૦૦ વાગે ખોલવામાં આવશે.

સ્થળ : ગાંધીનગર
તારીખ : ૩૦/૧૧/૧૩
સહી/-
(સદ્દહ ફિલ્લ)
પોલીસ અધિક્ષક
ગાંધીનગર
માહિતી/૧૮૧૬/૧૩-૧૪

ટયુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
જાહેરાત માટેનું
અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District
VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૮૮૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સાવન વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ
ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી :** કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com